# બાયડના ભથીજીના મુવાડા ગામે છ માસની બાળકીની તસ્કરીની ઘટનાથી પોલીસ દોડતી થઈ

બાયડ, તા. ૨

ગુજરાતમાં માનવ તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ થયો છે

ત્યારે વધુ એક કિસ્સો બાયડ તાલુકાના ભથીજીના મુવાડા ગામે ઈંટો પાડવાના વ્યવસાયની મજૂરી અર્થે આવેલા મૂળ રહે સુરેન્દ્રનગર જિલ્લાના પરિવારની છ માસની દીકરીને કોઈ કારણોસર ઉઠાવી ગયાની વાત વાયુ વેગે પ્રસરતા લોકોમાં હડકમ્પ મચી જવા પામ્યો હતો. ફૂલ જેવી કુમળી દીકરીને કોઈ ઉઠાવી ગયાની ઘટના પોલીસ માટે પણ ચિંતાનો વિષય બન્યો છે. સાબરકાંઠાના ઢુંઢર ગામની ઘટના એ સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો હતો. ત્યારે બાયડના ભાથીજીના મુવાડા ગામે છ માસની દીકરીની તસ્કરી કયા ઈરાદાથી કરાઈ છે તે એક ચોક્કસ વિચારવા જેવી બાબત હાલ તો રહી ગઈ છે. જોકે ઘટનાની

ગંભીરતા અરવલ્લી પોલીસ સમજી જતા તાબડતોબ ભથીજીના મુવાડા ગામે પહોંચી ગઈ હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. છ માસની દીકરીના પિતા પ્રતાપભાઈ ઓડે બાયડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતતા ભાથીજીના મુવાડા ગામે ખેતરમાંથી છ માસની બાળકીના અપહરણ મામલે રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને જિલ્લા પોલીસવડા દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો હતો અને બાળકીને શોધવા જિલ્લા એલસીબી દ્વારા અલગ અલગ ટિમો બનાવી બાળકી સુધી પહોંચવા તજવીજ હાથ ધરી દેવાની વિગત પ્રાપ્ત થઈ હતી.

માતા પિતા બાળકીને ગોડીયામાં સુવડાવી ખેતરમાં રહેલા ઈંટવાળામાં કામ કરવા ગયા ત્યારે બનેલી ઘટનાને લઈ પરિવારના સભ્યોની પોલીસ દ્વારા પણ મરેથોન પૂછપરછ હાથ ધરી ઉલટ તપાસ હાથ ધરી હતી.

# હિંમતનગરમાં રાજ્યની પ્રથમ વિરાટ હિંદુ મહાસભા

તસવીર : મગનજી વણઝારા

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના માર્કેટયાર્ડ ખાતે રવિવારે વિરાટ હિન્દુ સભા વિશ્વ હિંન્દુ પરીષદ દ્વારા યોજાઈ હતી. રાજ્યમાં યોજાનારી ૨૩ હિન્દુ સભામાં પ્રથમ સભા યોજાઈ હતી જેમાં વિએચપીના કેન્દ્રીય મંત્રી ઉમાશકંર શર્માએ રામ મંદીર ના મુદ્દે સભામાં સરકાર સામે માંગ કરી આવેદનપત્ર સાંસદ સભ્યને આપ્યુ હતુ. બાબા રામદેવે આવનારી લોકસભા દરમ્યાન ભાજપ રામ મંદીર નહી બનાવી શકે તો લોકોનો વિશ્વાસ ગુમાવશે અને તે વાતને ઉમાશંકરે સમર્થન આપ્યુ હતુ

રામ મંદીરના મુદ્દાને લઈને હવે ગુજરાતમાં વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા રાજ્ય ભરમાં ૨૩ જેયલી વિરાટ હિન્દુ સભાનુ આયોજન કર્યુ છે અને તેની પ્રથમ સભા હિંમતનગર ખાતે યોજવામાં આવી હતી. રામ મંદીરના નિર્માણની માંગ સાથે હિન્દુ સભાને સંબોધવામાં આવી હતી અને કેન્દ્ર સરકાર દ્વારા અધ્યાદેશ લાવીને મંદીરનુ નિર્માણ કરવાની માંગ સાથએ સભાનુ આયોજન કરાયુ હતુ. જેના ભાગરુપે સાબરકાંઠાના સાંસદને આવેદન પત્ર આપવામા આવ્યુ હતુ અને જેમાં સરકાર દ્વારા અધ્યાદેશ લાવીને મંદીરના નિર્માણને શક્ય

**રામ મંદિરના મુદ્દે સભામાં સરકાર સામે માંગ કરી સાંસદને આવેદનપત્ર આપ્યું**

બનાવવા માટે આવેદન કરાયુ હતુ. આમ રામ મંદીરના નિર્માણને લઈને લોકોને અને ખાસ કરીને હિન્દુ સમાજને એક કરવા અને માંગને બળવત્તર બનાવવા માટે પ્રયાસ કરાયો હતો. તો બીજી તરફ હાલમાં બાબા રામદેવે પણ ભાજપને રામ મંદીરને લઈને ભીંસમાં લેવા સમાન પોતાની પ્રતિક્રીયા દર્શાવી હતી કે ભાજપ જો આગામી લોક સભા દરમ્યાન રામ મંદીર ના નિર્માણને લઈને નિશ્ફળ રહેશે તો લોકોમાંથી પોતાનો વિશ્વાસ ગુમાવી દેશે આ પ્રતીક્રીયા ને સમર્થન આપતા વિશ્વ હિન્દુ પરીષદના કેન્દ્રીય મંત્રી ઉમાશંકરે પણ સમર્થન આપ્યુ હતે અને બાબા રામદેવની વાતને યોગ્ય ગણાવી હતી અને ભાજપ અને વડાપ્રધાન મોદી પ્રજામાં રામ મંદીર નિર્માણ માં અસફળ રહેશે તો વિશ્વાસ ગુમાવશે એ વાત સાથે સહમતી દર્શાવી હતી. જ્યારે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદીત્યનાથે હનુમાનજીને દલીત ગણાવવાની વાતને લઈને યોગીજી એ બહુ બધુ કહી દીધુ હોવાનુ ગણાવ્યુ હતુ.આ અંગે વિશ્વ હિંદુ પરિષદના કેન્દ્રિય મંત્રી ઉમાશંકર શર્માએ જણાવ્યું હતું કે બાબા રામદેવ એ બહુત મોટી વ્યક્તિ છે અને તેમણે જે કહ્યુ છે તે યોગ્ય જ છે જો સરકાર રામ મંદીર નુ નિર્માણ નહી કરી શકે તો સ્વાભાવિક જ ભાજપ લોકોમાં વિશ્વાસ ગુમાવશે અને યોગીજીએ બહુ બધુ કહી દીધુ છે.

### બાયડની ૬૮ અને ધનસુરાની ૧૩ સસ્તા અનાજની દુકાનોમાં

# ટ્રાન્સપોર્ટરની બેદરકારીના પગલે પુરવઠો ન પહોંચતા ગરીબોની હાલત દયનિય

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં પુરવઠા પરિવહનના ઈજારદાર તરીકે ૨૦૧૮-૧૯ તોમર એન્ટરપ્રાઈજ કોન્ટ્રાક ધરાવે છે તેની બેદરકારીના પગલે પુરવઠાનો જથ્થો ઉપાડવામાં નિષ્ફળ જતા બાયડ તાલુકાની ૧૦૩ સસ્તા અનાજની દુકાનોમાંથી ૬૮ દુકાનો અને ધનસુરા તાલુકાની ૧૩ સસ્તા અનાજની દુકાનોમાં નવેમ્બર મહિનાનો ડોર સ્ટેપ ડિલિવરીનો જથ્થો સમયસર ન પહોંચતા સસ્તા અનાજના સંચાલકો અને ગરીબોની હાલત કફોડી બનતા ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા નવેમ્બર-૨૦૧૮ આવશ્યક ચીજવસ્તુના જથ્થા માટે વ્યાજબી ભાવની દુકાનોમાં વિતરણની તારીખ ત્રણ દિવસ વધુ લંબાવવા પરવાનગી આપવામાં આવી છે.

બાયડ-માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ સસ્તા અનાજની દુકાનોમાં ગત માસનો જથ્થો હજુ સુધી ન પહોંચાડતા ગરીબોની હાલત કફોડી બનતા જીલ્લા પુરવઠા અધિકારીને ફોન પર ચીમકી આપી બુધવાર સુધી જથ્થો નહિ મળે તો ગુરુવારથી આમરણાંત ઉપવાસ પર ઉતારવાની ચીમકી ઉચ્ચારતા અને ધારાસભ્યનો વિડિઓ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા જીલ્લામાં રાજકારણ ગરમાયુ છે.

સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડ ધારકોને સરકારે ફાળવેલા અનાજ, તેલ, ખાંડ, કેરોસીનનો પુરેપુરો જથ્થો મળી રહે એને ધ્યાનમાં લઈ સમગ્ર રાજ્યમાં ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરી છે પરંતુ ઓનલાઈ સુવિધા નિયમિત ના ચાલતી હોવાની સાથે પુરવઠો પણ સમયસર ન પહોંચતા ગ્રાહકોને છાસવારે પારાવાર મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. બાયડના સસ્તા અનાજ એસો.ના પ્રમુખ રમેશગીરીના જણાવ્યા અનુસાર ૬૮ દુકાનમાં પુરવઠાનો જથ્થો ન પહોંચતા સંચાલકો અને ગ્રાહકો પરેશાન થઇ ગયા છે, તદઉપરાંત ધનસુરાની ૧૩ સસ્તા અનાજ ભંડાર પર પુરવઠો પહોંચ્યો નથી પુરવઠો મહિનાના પ્રથમ સપ્તાહમાં ગરીબોને પહોંચી જવાના બદલે નવેમ્બર મહિનાનો જથ્થો ડિસેમ્બરની બીજી તારીખ સુધી પણ ન પહોંચતા મોંઘવારીના બોજ તળે ઘરનો ચૂલો પણ કઈ રીતે સળગાવવો તેવી વિમાસણમાં મુકાવાની સાથે ન છૂટકે વ્યાજે અને ઉધારીમાં બજારમાંથી ચીજવસ્તુઓ ખરીદવાની નોબત આવી છે.

# ખેડબ્રહ્મામાં પ્રથમ દિવસે મગ અને અડદની ઓનલાઈન નોંધણી ન થતાં ખેડૂતોમાં રોષ

### ખેડબ્રહ્મામાં મગ અને અડદ નોંધણી કેન્દ્રનું પોર્ટલ પ્રથમ દિવસે જ બંધ : ખેડૂતોને ધરમ ધક્કો

ખેડબ્રહ્મા, તા. ૨

ગુજરાત સરકાર ખેડૂતોની સરળતા માટે પ્રથમ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરી હતી અને ૧ ડિસેમ્બરથી અડદ અને મગની નોંધણી ટેકાના ભાવે મગ અને અડદ ખરીદવા ચાલુ કરવામાં આવનારા છે. જેની નોંધણી માટે આવનારા ખેડૂતને પ્રથમ દિવસે જ ધક્કા ખાવાનો વારો આવ્યો છે.

સરકાર દ્વારા ખેડૂતોના મગ અને અડદ ટેકાના ભાવે લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેના ખેડબ્રહ્મા એપીએમસીમા શનિવારથી કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં આઈપેઈડ પોર્ટલ ઉપર ફરજિયાત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું છે. જેમાં ખરીદીના નાણા ખેડૂતોના ખાતામાં સીધા જમા કરવામાં આવશે. ખેડબ્રહ્મા એપીએમસીમાં શરૂ કરેલ અડદ, મગ કેન્દ્રનું પોર્ટલ પ્રથમ દિવસે જ બંધ હોઈ કોઈ ખેડૂતની નોંધણી થઈ ન હતી.

સરકારના પ્રતિનિધિ બી.એસ. કટારાના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા કેન્દ્રનું આઈપેઈડ પોર્ટલનો પાસવર્ડ બંધ થઈ ગયેલ હોઈ કેન્દ્ર બંધ રાખવામાં આવ્યું હતું. તેમને એનઆઈસીમાં જાણ કરી છે. અને સોમવારથી નોંધણી શરૂ કરી દેવામાં આવશે.

સરકાર દ્વારા ખેડૂતોની સગવડ માટે વિવિધ કાર્યક્રમ ઘડી નાખે છે પરંતુ તેની પાછળ પૂરતી વ્યવસ્થા ન ગોઠવતા ખેડૂતોને પરેશાન થવાનો વારો આવ્યો છે. દૂર દૂરના અંતરીયાળ વિસ્તારથી આવતાં ખેડૂતોને ધરમ ધક્કો ખાવાનો વારો આવ્યો છે.

# ધાનેરામાં બિન પરવાનગીવાળા ટ્રેકટરોમાં લાકડાઓની થતી હેરાફેરી સામે તંત્રની ચૂપકીદી

ધાનેરા, તા. ૨

ધાનેરામાં ગુજરાત સરકાર વન વિભાગની જાહેરાતોમાં ફિયાસ્કો જોવા મળી રહ્યો છે. વૃક્ષ વાવો પ્રદુષણ અટકાવોમાં ત્યારે એક વૃક્ષ વાવવામાં આવે છે ત્યારે તેની સામે ૫૦ વૃક્ષોનો સફાયો થાય છે પરંતુ સો મિલો અને અધિકારીઓની મિલીભગત હોવાથી બધું ભગવાન ભરોસે ચાલી રહ્યું છે.

મિડીયા દ્વારા અનેક વખત સમાચારો છપાતાં છતાં અધિકારીઓને આવા બિન પરમીશનવાળા વૃક્ષો કાપેલ ભરીને આવતાં ટેકટરો પકડવાનો ટાઈમ નથી અને સાંજે ૬ વાગે ઓફિસથી ઘરે ગયા પછી કોઈ પણ પ્રકારની ચિંતા રહેતી નથી.

તેમની ફરજમાં આવતાં આવા કેસોમાં કારગીલ તેમજ મામાબાપજી મંદિર રસ્તા પર રાત્રે ૫૦ થી ૬૦ ટ્રેકટરો અવર-જવર કરે છે લોકો પણ નજરે જોઈ રહ્યા છે અને એક વર્ષમાં બે પાંચ ટ્રેકટરો પકડીને ચોપડે ચડાવી મોટી ધાડ પાડી પોતાની ફરજ પુરી થઈ ગઈ હોય તેવું માની રયા છે. જો રોજ પોઈન્ટ પર ધ્યાન આપી પોતાની ફરજ સમજીને અધિકારી કામ કરે તો સરકારની યોજના સફળ થાય તેવી લોકોની માંગ છે.

## આક્રમક બનીશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટેટની પરીક્ષા વખતે પેપર ફૂટી ગયું હતું. ગ્રામ્ય રક્ષકની પરીક્ષામાં પણ પેપર ફૂટી ગયું હતું. એટલે આવા પરીછ્ના પેપરો ફોડવામાં ભાજપ સરકાર અને તેમના મળતિયોની માસ્ટરી છે. આખું તંત્ર જ ફૂટી ગયું છે. ભાજપ સરકારમાં ગાંધીનગરમાં ઉપરથી લઈને છેક નીચે સુધી બધા ફૂટેલા અને કરપ્ટ છે. જેમણે આજે પેપર ફોડવાનું કામ કર્યું છે તેમની સામે સરકાર કડકમાં કડક પગલા ભરે. તેની તપાસ કરે અને જે દોષિત હોય તેની સામે પગલા ભરવા જાઈએ. જો તેમ નહીં થાય તો આગામી દિવસોમાં નાછૂટકે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. શંકરસિંહબાપુએ પોલીસની ભરતી માટે જે ઉમદવારોના નામો રજીસ્ટર્ડ તયા છે અને પરીક્ષા આપવા સેન્ટરો પર પહોંચ્યા અને પેપર લીકના કારણે તેમની પરીક્ષા લેવાઈ નથી એ તમામ ઉમેદવારોને માનસિક વળતર પેટે ભાજપ સરકારે ૧૦-૧૦ હજારનું વળતર આપવું જોઈએ. અને ગુજરાતમાં બેકારો માટે બેકારી ભથ્થુ આપવાની શરૂઆત પણ કરવી જોઈએ.

શંકરસિંહ બાપુએ ભાજપ સરકારને ચેતવણી આપી છે કે જો પેપર લીકના મામલેઆગામી ૧૦ દિવસમાં ઉમેદવારોને વળતર નહીં મળે અને યોગ્ય તપાસ નહીં થાય તો તેઓ પોતે ભાજપ સરકારની સામે મેદાનમાં ઉતરશે. ગુજરાત નોંધારૂ નથી. જાહેર જીવનમાં છીએ એટલે જેમને આ સહન કરવું પડ્યું છે તેમને ૧૦ દિવસમાં વળતર અને ન્યાય નહીં મળે તો હું પોતે બહાર આવીશ. મને એરેસ્ટ કરવો હોય કરે આ લોકો માટે હું આક્રમક બનીશ.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

મહારાષ્ટ્રની ભૂમિકા પર અનામત માંગતા થયા છે.એમણે ઓબીસી પંચ સમક્ષ જઈને રજૂઆતો કરવા માંડી હોવા છતાં તેમણે જરૂરી ફોર્મેટમાં અને સમાજના પછાતપણા અંગે અમુક અભ્યાસો તૈયાર કરીને જ અનામત માટે ઓબીસી પંચ સમક્ષ રજૂઆત કરવાની જરૂર હોવાનું હજુ એમને ગળે ઉતર્યું નથી.જોકે આંદોલન બરકતવાળો ખેલ હોવાને કારણે તેની નેતાગીરી હૈસો હૈસો કર્યે રાખે છે.મરાઠા અનામતનો અહેવાલ આવવાની સાથે ગાંધીનગરમાં કોણ જાણે મોસમ કેવી બદલાઈ કે સુજ્ઞાબહેન ભટ્ટનું ઓબીસી પંચ એકાએક પટેલોના પ્રતિનિધિમંડળ માટે જ નહીં, અન્ય ઉજળિયાત સમાજનાં પ્રતિનિધિમંડળને ઓબીસી અનામત મળે તે માટે સર્વેની માંગણી કરવા માટે દરવાજા ખોલી નાંખ્યા. જોકે હજુ અનામત આપવા માટે સર્વેક્ષણ કરવાની બાબતમાં કોઈ નિર્ણય થયો નથી. રાજપૂત અને બ્રાહ્મણ સમાજના પ્રતિનિધિઓ ઓબીસી હેઠળ અનામત માંગી રહ્યા છે. ચૂંટણીના માહોલમાં અનામત અનામતના ખેલ ચાલે છે,પણ વાસ્તવમાં અનામતનો લાભ કોને મળશે, એ કહેવું મુશ્કેલ છે.

સમીક્ષાની લટકતી તલવાર

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય રાજ્ય મંત્રી રામદાસ આઠવલે સહિતના પ્રધાનો છાસવારે નિવેદનો કરે છે કે ઉજળિયાતોને આર્થિક રીતે પછાત માટેની અનામતનો લાભ આપવા માટે બંધારણ બદલીને અનામતની ટકાવારી ૭૫% સુધી લઈ જવાશે.વાસ્તવમાં આ વાતોનાં વડાંથી વિશેષ નથી.બંધારણ બદલીને અનામતની ટકાવારી વધારવા માટે જયારે કોંગ્રેસ સહયોગ કરવા તૈયાર હતી ત્યારે તો આવું કશું કરવામાં ભાજપના વડપણવાળી સરકાર આગળ આવી નહીં.હવે ચૂંટણી પહેલાં વચનોની લહાણી કરવામાં મણા રાખશે નહીં.એક વાર ફરીને સરકાર બની એટલે એનો અમલ કરવાની જરૂર નથી અથવા તો અદાલતી સમીક્ષામાં અનામતની વધારેલી ટકાવારી રદ થાય તો દોષ પોતાને શિરે આવે નહીં, એવી ગણતરીથી તંત્ર આગળ વધે છે. પ્રજા આ બધું ના સમજે એટલી ભોળી નથી,પરંતુ એ ચૂંટણી વખતે નવા જ કોઈક ભાવાવેશી મુદ્દાથી દોરવાઈ જાય છે.અહીં, સંભળાવાની જરૂર ખરી.

- haridesai@gmail.com

## ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહુ સ્વાભાવિક છે કે શહેરી વિસ્તારમાં શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ગ્રામીણ વિસ્તાર કરતા વધારે છે, એ તો ખરૂ પણ સાથોસાથ રોજગાર કુશળતા સાથેનું શિક્ષણ મેળવેલા યુવાનો વધુ હોય છે તેમ છતાં સેન્સસ એમ દર્શાવે છે કે શહેરી વિસ્તારમાં ઘરમાં પરણિત ના હોય એવા કુટુંબો શહેરમાં વધુ છે, ગામડામાં ઓછા છે. આની પાછળ કારણ એવું પણ છે કે વધુ ભણતરના કારણે અને ભણતર પછી ઉચ્ચ કારકિર્દીના પ્રલોભન સાથે લગ્નની સરેરાશ વય વધતી જાય છે એથી પણ શહેરમાં સ્થિતિ આ પ્રકારની છે. ઉપરાંત ભણેલી યુવતીઓમાં અપરણિત રહેવાનો ચાલ પણ વિકસ્યો છે એ પણ કારણ હોઈ શકે. અને ઉચ્ચ શિક્ષણ અને સારી નોકરી કરતી કન્યાઓના માબાપનો મત જોઈએ તો દિકરીના ભણતરથી આગળ કે સમકક્ષ ભણેલા હોય તેવા યુવાનો મળતા નથી. આ સ્થિતિ પણ આપણે સમજવી પડશે. થોડા વર્ષોમાં સ્ત્રી અને પુરૂષના અભ્યાસ અને વ્યવસાયના સંદર્ભે અત્યારે પુરૂષ પગાર અને પોઝિશનમાં તેની પત્ની કરતાં આગળ હોવો જોઈએ એવી સમાજની માનસિકતામાં બદલાવ આવશે અથવા તો લાવવો પડશે તો જ 'અપરણિત'ના આંકડામાં સુધારો આવશે એમ અનુમાન કરી શકાય.

આ કોલમમાં આપણે કેન્દ્ર સ્થાને ગાંધીનગર જ હોય છે પરંતુ ગુજરાતની આ સ્થિતિની ચર્ચા જરૂરી હતી. આમ પણ ગાંધીનગર છે તો ગુજરાતમાં જ ને !

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ભારે આક્રોશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો હતો અને શહેર અને જિલ્લાના જાહેર સ્થળોએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની પણ ખાસ તકેદારી લેવાઈ હતી. બીજી તરફ આ પરીક્ષા રદ થવાના કારણે ઉમેદવારોએ શાસકો અને તંત્રવાહકો સામે આક્રમક બળાપો ઠાલવ્યો હતો અને પરીક્ષા રદ થવાના કારણોની નિંદા કરી હતી આ સાથે જ જવાબદારો સામે પગલા લેવા પણ ઉમેદવારો દ્વારા માંગ કરવામાં આવી હતી. આ પરીક્ષાને લઈ છેલ્લા એક વર્ષથી લઈ ત્રણ ત્રણ વર્ષથી દિવસ રાત મહેનત કરતા ઉમેદવારો પૈકીના કેટલાક સ્ત્રી પુરુષ ઉમેદવારો આ જાહેરાત સાથે જ પરીક્ષા કેન્દ્રની બહાર ભાંગી પડ્યા હતા અને રડી પડ્યા હતા.

## બાબા રામદેવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેશમાં મોદીજી છે તો રામ મંદિર શા માટે ન બને? એવો સૂચક પ્રશ્ન પણ તેમણે ઉઠાવ્યો હતો. બાબા રામદેવે રામ મંદિર સહિતનાં મુદ્દાઓ પર પોતાના મંતવ્યો જણાવ્યા હતા અને દેશમાં સત્તાસ્થાને બિરાજમાન રાજનેતાઓને રાજધર્મ નિભાવવાની અને દેશનાં મહત્વનાં મુદ્દાઓ વાત કરવાની તેમણે બહુ સૂચક અપીલ કરી હતી. બાબા રામદેવે વધુમાં જણાવ્યું કે, જો રામ મંદિર નહીં બને તો લોકોનો ભાજપ સરકાર પરથી ભરોસો ઉઠી જશે અને ભાજપને આવનારી ચૂંટણીમાં નુકસાન થશે. આ ઉપરાંત બાબા રામદેવે અમદાવાદનું નામ કર્ણાવતી કરવાનાં મુદ્દે કહ્યું કે, અમદાવાદનું નામ કર્ણાવતી થવું જ જોઈએ. બાબા રામદેવે તાજેતરમાં ઉઠેલા હનુમાનજીની જાતીને લઈને ઉઠેલા પ્રશ્નો પર કહ્યું કે, પૂર્વજોની જાતી અંગે કોઈ ટીપ્પણી ના કરવી જોઈએ. હનુમાનજી ફોર ઈન વન હતા. ભારતમાં ક્યારેય જાતી આધારિત વ્યવસ્થા નહોતી. દેવી-દેવતા અને મહાપુરૂષોની જાતી પર વિવાદ ના થવો જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ભારતમાં વસતા તમામ લોકો હિંદૂ જ છે. રાજનેતા તેમનો રાજધર્મ નીભાવે અને દેશની સમસ્યા અંગે ચર્ચા કરે. કાળુ ધન અને મોંઘવારી વિશે ચર્ચા કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, બાબા રામદેવ દ્વારા છેલ્લા કેટલાક વખતથી અયોધ્યાને લઈ બહુ મક્કમતા સાથે તાકીદે રામમંદિર નિર્માણની વાત રજૂ કરવામાં આવે છે, જેને લઈ ભાજપ સહિતના પક્ષોમાં પણ આ મામલો ગરમાઈ રહ્યો છે.

## કૃષિ ઈનપુટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલુકામાં આ કૃષિ ઈનપુટ સહાય રૂ. ૬૩૦૦, રૂ. ૫૮૦૦ અને રૂ. ૫૩૦૦ હેકટરદીઠની મર્યાદામાં ચુકવવામાં આવશે.

કૃષિ ઈનપુટ સહાય પ્રતિ ખાતા નંબર દીઠ (ગ્રામ નમુના ક્રમાંક-૮ અ) દીઠ વધુમાં વધુ બે હેકટરની મર્યાદામાં ચૂકવી શકાશે.

ગાંધીનગર જિલ્લામાં માણસા તાલુકામાં ૨૭૩ મી.મી. વરસાદ નોંધાયો હતો. જયારે ગાંધીનગર તાલુકામાં ૩૧૦ મી.મી. વરસાદ નોંધાયો હતો અને કલોલ તાલુકામાં ૩૫૯ મી.મી. વરસાદ ચોમાસા દરમિયાન નોંધાયો હતો જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્યસભામાં ભાજપ-કોંગ્રેસના સભ્યોએ દહેગામ તાલુકાને અન્યાય કરાયો હોવાની રજુઆત કરતાં કહ્યું હતું કે ગામડાઓમાં વરસાદ થયો જ નથી માત્ર શહેરમાં જે વરસાદ નોંધાયો છે તેને લઈ દહેગામ તાલુકાની બાદબાકી કરવી યોગ્ય નથી. જો કે સરકારના નિયમ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

## પરીક્ષા રદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂચનાઓ આપી દેવામાં આવી હતી. તો બીજી તરફ સરકારે પણ આ બાબતને ગંભીરતાથી લઈને તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરી આ કાંડ કરનાર તત્વોને તાત્કાલિક અસરથી શોધીને પકડી પાડવા ડીજીપીને સૂચના આપી હતી. તે ઉપરાંત એકાદ મહિનામાં ફરીવાર પ્રશ્નપત્ર સેટ કરીને પરીક્ષા યોજી દેવાની તૈયારી બતાવી ને તે વખતે આ તમામ ઉમેદવારોને એસટી બસ ભાડું માફ કરવાની પણ જાહેરાત કરી દેવામાં આવી છે.

## ધાનાણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય, ખાવા પીવાનો ખર્ચ , ફોર્મનો ખર્ચો કર્યો. તેમછતાં આજે સરકારની નિષ્ફળતાને કારણે લોકરક્ષક દળની પરીક્ષા રદ્દ કરવી પડી છે જેનાથી નવ લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થી છે.

# તલોદમાં નવનિર્મિત શોપીંગની ૮૨ દુકાનો દસ વર્ષથી બંધ હાલતમાં જ છે

તલોદ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે બજારની મધ્યમાં વર્ષો પહેલાં નગરપાલિકાએ કરોડો રૂપીયાના ખર્ચે બનાવેલા શોપીંગ સેન્ટરની ૮૨ દુકાનો કોઈક અગમ્ય કારણોસર લગભગ ૧૦ વર્ષથી ખુલવા પામી નથી. આ દુકાનોને કોઈક ગ્રહણ નડી ગયું હોય તેમ તેની હરાજીથી ભાડા પેટે આપવાની કામગીરી સરકારી કચેરીઓમાં ટલ્લે ચડી છે. પરિણામે હાલની અંદાજીત રૂ. ૧૦ કરોડથી વધુની મનાતી આ શોપીંગ સેન્ટરની સંપત્તિ અહીં માટીના મૂલે શોભાના ગાંઠીયાની જેમ ઉભેલી ભાસી રહી છે. પાલિકાએ ભાડાની રકમ 'વાર્ષિક' પ્રમાણે વસુલવા દરખાસ્ત રાજ્ય સરકારને કરેલ પણ કોઈક અગમ્ય કારણોસર સરકારે તે ભાડાની રકમ 'માસિક' પ્રમાણે વસુલ કરવા હરાજીનો શરતી હુકમ કર્યો હતો.

જેથી કરીને આ શોપીંગ સેન્ટરની ૮૨ દુકાનોને હરાજીથી ભાડે આપી દેવાની પ્રક્રિયા પૂર્ણતાને આરે આવી ત્યારે વળી ફરી પાછુ તેમાં વાર્ષિક/માસિક ભાડાની રકમ અંગેનું ગ્રહણ લાગતાં આજે પણ આ દુકાનો ધૂળ ખાઈ રહી છે. આ દુકાનો માટે તલોદ નગરપાલિકાએ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનોનું વાર્ષિક ભાડુ રૂ. ૧૨ હજાર અને ફર્સ્ટ ફ્લોરની દુકાનોનું વાર્ષિક ભાડુ રૂ. ૧૦ હજાર ઠરાવીને તેની દરખાસ્ત મંજુરી માટે રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને કેટલાક વર્ષ પહેલાં મોકલી હતી. પરંતુ કોઈક અગમ્ય કારણોસર કે શરતચૂકથી કે (કે જે હોય તે) સરકારી વિભાગે દરખાસ્ત તો મંજૂર કરી દીધી પરંતુ રૂ. ૧૨ હજાર અને રૂ. ૧૦ હજાર માસિક પ્રમાણે ભાડુ વસુલ કરવા આદેશ કર્યો હતો.

જે માટે તલોદ નગરપાલિકાની મળેલી સામાન્ય સભાએ ઠરાવ કરી સરકારી વિભાગને સદર દુકાનોનું ભાડુ માસિકને બદલે વાર્ષિક વસુલ કરવાનો સુધારો કરવા પત્ર લખ્યો હતો. ત્યારબાદ પણ આ અંગે સરકારી વિભાગના ઉપ સચિવને પત્ર લખીને વાર્ષિક/માસિકની વિસંગતતા દૂર કરી સુધારો કરવા રજૂઆતો કરી હતી. પરંતુ આજ દિન સુધી આ તલોદ બજારની મધ્યમાં આવેલી શોપીંગ સેન્ટરની ઈમારતની વરવી વાસ્તવિકતાની સમસ્યા દુર્ભાગ્યે હલ થવા પામી નથી. જે તે વખતે રૂ. ૩ કરોડ ૨૦ લાખથી વધુના આંધણ થકી નિર્માણ પામેલી આ ઈમારતની ૮૨ દુકાનોની વર્તમાન કિંમત આજે તો રૂ. ૧૦ કરોડને આંબી જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. જે ઈમારત લગભગ ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી તલોદ બજારમાં માત્ર 'ખેતરના ચાડીયા'ની જેમ નિષ્પ્રાણ ઉભેલી જણાય છે.

આ ઈમારતની દુકાનો જાહેર હરાજીથી તલોદ બજારના કેબિન ધારકોને તથા તે સિવાયના વ્યક્તિઓને પણ ૧૫ વર્ષના ભાડા પટ્ટે આપવામાં આવે તો પ્રથમ તો તલોદ બજારના કથિત ગેરકાયગદેસર દબાણોવાળા કેબિનોનું દબાણ

તસવીર : દશરથ વણઝારા

મહદ્અંશે દૂર થઈ જાય અને તેઓને કાયદેસરની દુકાનો ભાડે મળે.

ઉલ્લેખનીય છે કે તલોદના સિટી સર્વે નં. ૨૫૦૩ અને ૨૫૦૪માં તલોદ નગરપાલિકાએ આઈડીએસએમટી યોજના અને સ્વભંડોળ અન્વયે આ શોપીંગ સેન્ટરની દુકાનોનું નિર્માણ કર્યુ હતુ. જેની અપસેટ પ્રાઈસ અને વાર્ષિક ભાડાની રકમ સર્વાનુમતે મંજૂર કરીને દુકાનો ૧૫ વર્ષના ભાડા પટ્ટે આપવાનો ઠરાવ કર્યો હતો.

ત્યારબાદ યેનકેન પ્રકરેણ આ શોપીંગ સેન્ટરની દુકાનોની ભાડા પટ્ટેની હરાજીની પ્રક્રિયા આજ દિન સુધી થવા પામી નથી. જેથી સહજભાવે 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ સૂત્ર અહીં બિલકુલ સાર્થક નહિ નિવડ્યુ હોવાનું 'ટોક ઓફ ધી ટાઉન' બન્યું છે. જે તે જવાબદાર તંત્ર પુરી સૂઝબૂઝ સાથે તલોદ નગરપાલિકાના વિશાળ શોપીંગ સેન્ટરની ૮૨ દુકાનોની ટલ્લે ચડેલી ભાડાપટ્ટાની હરાજીનો મામલો તાકિદે હલ થાય કરે તે સમયની માંગ છે.